## વડીલોને વંદન અભિનંદન



જયેન્દ્રકુમાર વી. માંકડ
(૧૯૪૦) ફોન: ૨૩૨૩૩૮૬૯



ભરતભાઈ એ. કવિ
(૧૯૪૭) ફોન: ૨૩૨૮૯૯૯૫



ડાહ્યાભાઈ ચતુરભાઈ પટેલ
(૧૯૪૬) ફોન: ૨૩૨૧૦૬૪૮

# તલોદ નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસમાં ટીકીટ ફાળવણી મુદ્દે કાર્યકરોમાં અસંતોષની લાગણી

તલોદ, તા. ૨૫

તલોદ નગરપાલિકામાં આગામી ૧૦ ફેબ્રુઆરીએ યોજાનાર ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા અપાયેલા મેન્ડેટમાં યોગ્ય ઉમેદવારોને ટીકીટ ફાળવણી ન થતાં કાર્યકરોમાં અસંતોષ ઉભો થયો છે. જેની અશર ચૂંટણી પરીણામો પર પડવાની સંભાવના સેવાઈ રહી છે. કોંગ્રેસ પક્ષના મોવડીમંડળ દ્વારા વારંવાર બેઠકો અને મિટિંગો યોજી નક્કી કરાયેલા ઉમેદવારો મોવડી મંડળે બાકાત કરી દેતા ઉમેદવારો સહિત કાર્યકરોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

તલોદનગર પાલિકાની કુલ સાત વોર્ડમાં યોજાનાર ચૂંટણીમાં કુલ ૮૦ ઉમેદવારોએ મેદાનમાં જંપલાવ્યું છે. જેમાં કોંગ્રેસ પક્ષ તરફથી પણ છેલ્લી ઘડીએ ઉમેદવારોને મેન્ડેટ આપી દેવામાં આવ્યાં હતાં. જેમાં ગત ચૂંટણીમાં જંગી બહુમતીથી જીતેલ તેમજ પ્રજાજનોમાં લોકપ્રિય રહેલા કેટલાક ઉમેદવારોને ટીકીટ ફાળવણી ન થતાં અને નવા ચહેરાઓને સ્થાન આપતાં ભારે હોબાળો કોંગ્રેસ પક્ષમાં મચી જવા પામ્યો છે. તેમજ શહેરમાં આ મુદ્દે ભારે ચર્ચાઓ ઉભી થવા પામી છે. આ અંગે ટીકીટ મેળવવા ઈચ્છુક ઉમેદવારો પણ ભારે નારાજગી પ્રવર્તતી હતી. ગત ચૂંટણીમાં સત્તા કોંગ્રેસ પાસે હોવાને કારણે જીતેલાં ઉમેદવારોએ શહેરના વિવિધ વિકાસમાં મહત્વનો ફાળો આપેલ હતો. તેજ ઉમેદવારોને આ ચૂંટણીમાં કોંગ્રેસ મોવડીમંડળ તરફથી મેન્ડેટ ન અપાતા સ્થાનિક મતદારોમાં પણ આક્રોશ જોવા મળ્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હર હંમેશા શહેરનાં વિકાશલક્ષીમાં પ્રાધાન્ય આપતાં સક્રિય કોર્પોરેટરો જ લોકપ્રિય રહેતા હોય છે. ત્યારે કોંગ્રેસનું આ પગલું આત્મઘાતી પુરવાર થશે તેની દહેશત સર્વત્ર ઉભી થઈ છે. હાલમાં તલોદ પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ સમક્ષ નિતિ રિતિ સાથે પ્રશ્નાર્થો ઉભા થયા છે ત્યારે સત્તા મેળવવી એ કોંગ્રેસ માટે કઠીન બની રહેશે. તેવું લોકમત સર્વત્ર સેવાઈ રહ્યું છે. સક્રિય કોંગ્રેસ કાર્યકરો પક્ષમાંથી રાજીનામુ આપવાં કટીબદ્ધ હોવાનું પણ ચર્ચારૂપ બન્યું છે.



(તસવીર : હરેશ જી. જોશી, પાલનપુર)

શિયાળો પૂર બહારમાં જામ્યો છે ત્યારે તસ્કરો પણ ધડાધડ ચોરીઓનો દોર ચાલુ રાખી પાલનપુર શહેરના જુના લક્ષ્મીપુરા દૂધ મંડળીમાં વધુ એક ચોરીને અંઝામ આપી ૮ હજારથી વધુની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. તસ્કરોએ ઠંડી અને અંધારાનો લાભ લઈ મંડળીના દરવાજાનું તાળુ તોડી અંદર પડેલા રૂ. ૮૪૦૦ની ચોરી કરી હતી. આ ચોરી અંગે સવારે મંડળીના મંત્રીને જાણ કરતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# યુવાનને રીક્ષામાં બેસાડી લૂંટી લેનાર ગેંગના બે સાગરીતો ઝડપાયા

### બે શખ્સો ડીસાથી પાટણ દાગીના વેચવા આવ્યા હતા

પાટણ, તા. ૨૫

રાધનપુર ટાઉન વિસ્તારમાં આઠેક દિવસ અગાઉ એક યુવાનને ત્રણ લુંટારું શખ્સોએ રીક્ષામાં બેસાડી દઈ તેણે પહેરેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ અને મોબાઈલ મળી ૫૦ હજારની મત્તાની લૂંટ ચલાવી હતી. આ બનાવ અંગે પાટણ એલ.સી.બી.એ બાતમીના આધારે લૂંટેલા દાગીના વેચવા પાટણ આવેલા બે લુંટારું સાગરીતોને ઝડપી પાડયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાધનપુર ટાઉન વિસ્તારમાં આઠેક દિવસ અગાઉ એક યુવાનને ત્રણ લુંટારું શખ્સોએ રીક્ષામાં બેસાડી દઈ તેણે પહેરેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ ૫૦ હજારની મત્તાની લૂંટ ચલાવી હતી. આ લૂંટ અંગે રાધનપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પાટણ એલ.સી.બી.ના પી.આઈ. ડી.ડી. ચૌધરીએ હાથ ધરી હતી. દરમિયાન આ લૂંટની ખાનગી રાહે બાતમી મળતા બાતમી સ્થળે વોચ ગોઠવી હતી. દરમિયાન ડીસા બાજુથી પેસેન્જર જીપમાં બેસી બે શખ્સો પાટણ આવવા નીકળેલા હતા. જેઓ કોહીનુર સિનેમા સામે જીપમાંથી ઉતરતા જ આ શંકાસ્પદ ઈસમોને પકડી પુછપરછ કરી અંગ જડતી કરતા એક ઈસમે પોતાનું નામ હરેશ ઉર્ફે બાબા અમરતભાઈ (રહે. ડીસા વાડી રોડ ટેકરા ઠાકોર વાસ તા. ડીસા) પાસેથી સોનાના બે ગોખરુ તથા બીજા ઈસમ પ્રકાશ ગોપાળભાઈ ઠાકોર (રહે. ડીસા ઠાકોરવાસ) પાસેથી ચાંદીના કડા નંગ ૨, ચાંદીની વીંટી, સોનાની વીંટી, સોનાની ડોડી મળી આવી હતી જે બંને ઈસમો પાસેથી મળી આવેલ સોના ચાંદીના દાગીના સંદર્ભે પુછપરછ કરતા અઠવાડીયા અગાઉ રાધનપુરમાં ધરેલી લુંટની ઘટનામાં લૂંટેલા દાગીના પાટણમાં વેચવા માટે આવેલા હોવાનું જાણવા મળતા પોલિસે કિંમત રૂ. ૩૮૪૦૦ના દાગીના કબજે લઈ બે ઈસમોની ધરપકડ કરી હતી અને તેને રાધનપુર પોલીસ ખાતે મોકલી આપ્યા હતા જે અંગેની વધુ તપાસ રાધનપુર પોલીસ ચલાવી રહી છે.

## હીરામણિ સ્કૂલમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

જનસહાયક ટ્રસ્ટ સંચાલિત હીરામણિ સ્કૂલ-સંધ્યજીવન કુટીર ખાતે આજે પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન અજયભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે સંસ્થા કેમ્પસમાં, એસ.જી. હાઈવે, નિરમા યુનિવર્સિટી સામે સવારે ૭.૪૫ કલાકે યોજાશે એમ શાળાના પ્રમુખ નરહરિ અમીને જણાવ્યું છે.

## આજે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

અમદાવાદ, તા. ૨૫


તા. ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે સ્વ. કલાબેન પ્રવિણભાઈ બ્રહ્મભટ્ટ મેમોરિયલ ટ્રસ્ટ ખાનપુર અમદાવાદ દ્વારા સવારે સાડા દસ વાગે સ્વ. પ્રવિણભાઈ બ્રહ્મભટ્ટ ચોકમાં હાઈકોર્ટના એડવોકેટ ઈકબાલભાઈ સૈયદનાં હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

# ખેલ મહાકુંભ અંતર્ગત ગ્રામ્ય કક્ષાની ટેબલ ટેનીસ સ્પર્ધા સ્કુલ ઓફ એચીવર ખાતે યોજાઈ

### કમલેશ શાહ અને દિવ્યા પંડ્યા સતત બીજા વર્ષે પણ ટેબલ ટેનીસમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૫

રાજય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૨૦૧૩ અંતર્ગત તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય કક્ષાનો રમતોત્સવ કુડાસણ ગામે આવેલ સ્કુલ ઓફ એચીવર ખાતે યોજાયો હતો. જેમાં ૧૬ વર્ષથી ઉપરની ભાઈઓની ટેબલટેનીસ રમતમાં કમલેશ શાહ સતત બીજીવાર વિજેતા બન્યા હતા. જયારે ૪૫ વર્ષથી ઉપરની બહેનોની ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં દિવ્યાબેન પંડયાએ પણ સતત બીજીવાર વિજેતા બની જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.



ગાંધીનગર નજીક આવેલ કુડાસણ ગામની સ્કુલ ઓફ એચીવરમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય કક્ષાનો રમતોત્સવ યોજાયો હતો. જેમાં કબડ્ડી, ખોખો, દોડ, ટેબલટેનિસ જેવી વિવિધ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રમતોત્સવમાં લોકો જોડાયા હતા. ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓ માટેની ટેબલ ટેનિસની રમત યોજાઈ હતી. જેમાં ગાંધીનગરના કમલેશભાઈ શાહ સતત બીજીવાર વિજેતા બન્યા હતા. જયારે રનર અપ કમલેશ રાંદેરીયા બન્યા હતા. તેવી જ રીતે ૪૫ વર્ષથી ઉપરની ગ્રામ્ય કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધામાં દિવ્યાબેન પંડયાએ સતત બીજીવાર પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. જયારે જેનેટબેન ક્રિશ્ચિયનને રનર અપ તરીકે જાહેર કર્યા હતા. ખેલ મહાકુંભની ગ્રામ્ય કક્ષાની ટેબલ ટેનીસ સ્પર્ધામાં સતત બીજીવાર વિજેતા બનેલા કમલેશભાઈ શાહ તેમજ દિવ્યાબેન પંડયાને લોકોએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

## આજે કન્હૈયાલાલ મહારાજના સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૨૫

રમેશભાઈ પરમાર અરૂણ સિલાઈ મશીનવાળાના માતૃશ્રીના મોક્ષાર્થે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન પૂ. કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે તા. ૨૬મી જાન્યુઆરીના રાત્રે ૮.૦૦ કલાકે કોમન પ્લોટ, શંભુ પાર્ક, નવાવાડજમાં રાખેલ છે. તો ધર્મપ્રેમીઓએ લાભ લેવા જણાવેલ છે.

# સ્વામીનારાયણ હાઈસ્કૂલ બાલવાનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના બાલવા મુકામે આવેલી સ્વામીનારાયણ હાઈસ્કૂલના ખેલાડીઓએ તાજેતરમાં ગુજરાત ખેલ મહાકુંભ-૨૦૧૩ની કલોલ તાલુકાની સોની સીટની એથલેટિક સ્પર્ધામાં લાંબીકૂદ, ગોળાફેંક, ચક્રફેંક, બરછીફેંક, ઊંચીકૂદ વગેરેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

ગુજરાત ખેલ મહાકુંભ-૨૦૧૩ની કલોલ તાલુકાની સોજા સીટની એથ્લેટિક્સ સ્પર્ધા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, બાલવા મુકામે યોઈ જેમાં બાલવાના રમતવીરોએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. શાળાના ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓ અને બહેનોના વિભાગમાં ઠાકોર બકાજી ૨૦૦ મી., ૧૫૦૦ મી., લાંબીકૂદ, ગાંડલીયા અર્જુન ૪૦૦ મી., ચૌધરી સચીને ગોળાફેંક, ચક્રફેંક, ચૌધરી સમીર લંગડીફાળ, ચૌધરી નીલ બરછીફેંક, ચૌધરી નિશા ૧૫૦૦મી. માં પ્રથમ નંબરો પ્રાપ્ત કર્યા. તેમજ ૧૬થી નીચેના વિભાગમાં ચૌધરી અક્ષય બી. લાંબીકુદ, લંગડીફાળ કુદ, ઊંચીકુદ, ચૌધરી સાહિલ કે. ૨૦૦મી., ૮૦૦ મી., ચૌધરી ગૌતમ પી. ૪૦૦ મી., ૧૫૦૦ મી., ઠાકોર વિપુલ બરછીફેંક, ભાટી જયદીપ જે ગોળાફેંક, ચક્રફેંક, ચૌધરી નિશા બી. ગોળાફેંક, ચક્રફેંક, ચૌધરી સૃષ્ટિ વી. ૨૦૦મી., ૧૫૦૦ મી., ચૌધરી પિન્કી આર. ૪૦૦ મી., ચૌધરી પ્રિયાંશી ડી. ૧૦૦ મી. પ્રથમ નંબરો તેમજ ૧૧ દ્વિતીય નંબરો તેમજ ૮ તૃતિય નંબરો આ ૪x૧૦૦, ૪x૪૦૦ રીલે તમામ વિભાગમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યા હતા.

વિજેતા ખેલાડીઓએ ગામ તથા શાળાનું ગૌરવ વધારેલ છે. તેમને માર્ગદર્શન આપનાર શાળાના વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર કે. પટેલને શ્રેષ્ઠ માર્ગદર્શન આપવા બદલ આચાર્ય અર્જુનસિંહ પરમાર તેમજ ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

## આજે ગાંધીનગર મેયરના હસ્તે ધ્વજવંદન યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એલ.પી. પાડલીઆએ જણાવ્યુંછે કે ગાંધીનગરના સેકટર-૧૭માં આવેલા ફાયર સ્ટેશન પ્રાંગણમાં ૨૬મી જાન્યુઆરી-૧૩ના રોજ ૬૪મા પ્રજાસત્તાક દિને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણાના વરદ્ હસ્તે ૮.૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં નગરજનો ઉપસ્થિત રહેશે.

## નિરીક્ષક નિમાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય ચૂંટણી પંચે નિરીક્ષકો તરીકે ૮ સનદી સેવાના અધિકારીઓ અને ૨૪ જેટલા અધિક કલેક્ટર કેડરના અધિકારીઓની નિમણુંકના હૂકમો જારી કર્યા છે. ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકોની સામાન્ય ચૂંટણી ૧૭મી ફેબ્રુઆરીએ યોજાવાની છે જ્યારે માણસા નગરપાલિકાની ચૂંટણી ૧૦મી ફેબ્રુઆરીના રોજ યોજાવાની છે.

ચૂંટણી પંચે નીર્મલ નિરીક્ષકશ્રી ચૂંટણી ખર્ચ તેમજ આદર્શ આચારસંહિતાના અમલ અંગેની કાર્યવાહી પર દેખરેખ રાખશે.

દરમ્યાન પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચે જે ગ્રામ પંચાયતો ૧૫ વોર્ડ કરતાં વધુ સંખ્યા ધરાવે છે તેવી ગ્રામ પંચાયતોની ચૂંટણી પર ધ્યાન રાખવા જિલ્લા કક્ષાએથી ખર્ચ અને આચારસંહિતા અમલ માટે નોડેલ અધિકારીની નિમણુંક કરવા જણાવ્યું છે.

## પ્રસિદ્ધ ભજન ગાયક રમણ સુંદરમનું નિધન

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના પ્રસિદ્ધ ભજન ગાયક રમણભાઈ સુંદરમનું તા. ૨૦ જાન્યુઆરીના રોજ હૃદયરોગના તીવ્ર હુમલામાં નિધન થયું છે. જેઓ ૫૦ વર્ષના હતા. તેમના અવસાનથી સમગ્ર ભકત સમુદાય તથા ચાહકોમાં શોકની ગરીમા છવાઈ ગઈ છે. સદ્ગતનું બેસણું તા. ૨૮ જાન્યુઆરી સવારે નવ કલાકે તેમના નિવાસ સ્થાન, ૧૫૬, નવી વસાહત, જી.આઈ.ડી.સી. રોડ, જશોદાનગર. વટવા ખાતે રાખેલ છે.

## પાલનપુરમાં ભાવ વધારાના મુદ્દે રીક્ષાચાલકો દ્વારા આવેદનપત્ર અપાયું

પાલનપુર, તા. ૨૫

સી.એન.જી.ના ભાવ વધારા સામે સમગ્ર રાજયમાં રીક્ષા ચાલકો હડતાલ પર ગયા હતા. જેના અનુસંધાને પાલનપુર રીક્ષા ચાલકોના એસોસીએશન દ્વારા ભાવ વધારા સામે બનાસકાંઠા કલેકટર થેન્નારસનને આવેદનપત્ર પાઠવ્યું હતું. રીક્ષા એસોસીએશનના અગ્રણી ઝુબેરભાઈ નાગોરીએ જણાવેલ છે કે, તા. ૨૩-૨૪ જાન્યુઆરીએ અમદાવાદ ખાતે ભૂખ હડતાલમાં પાલનપુરના રીક્ષા ચાલકો જોડાશે. કોઈ નિર્ણય નહી આવે તો અચોક્કસ મુદતની હડતાલમાં જોડાશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# સીપુડેમમાં તળીયા દેખાતાં રવિપાક માટે પાણી બંધ

પાલનપુર, તા. ૨૫

બનાસકાંઠામાં આવેલા ત્રણ ડેમ પૈકી સીપુ નદી ઉપર આવેલા સીપુ ડેમના પાણીના તળીયા દેખાતા થયા છે. નહેરો દ્વારા ગામોને રવિ સીઝનના પાક માટે પાણી અપાતું હતું પરંતુ પાણીની અછત થવાથી તાત્કાલિક પાણી આપવાનું બંધ કરેલ છે. ડીસા તાલુકાના ૨૫ ગામોના ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

જ્યારે સીપુ ડેમનું પાણી ડીસા ધાનેરા તાલુકાના ગામોને પીવા માટે જ પાણીનો ઉપયોગ થશે. ડેમના તળીયા દેખાવવાથી ઉનાળામાં શું થશે. તેની વિકટ સમસ્યા ઊભી થશે.

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
(ગવર્નમેન્ટ ઓફ ગુજરાત અન્ડરટેકીંગ)
આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. ગાંધીનગરની કચેરીમાં ઈપીબીએક્ષ સીસ્ટમના કોમ્પ્રીહેન્સીવ વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ અન્વયે રસ ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ માટેના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી ઈસ્યુ કરવામાં આવશે. જે રૂ. ૫૦૦/- (નોન રીફન્ડેબલ)ના જી.એસ.આર.ડી.સી. લી.ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેની કંપનીના લેટરપેડ પર અરજી કરવાથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ઈસ્યુ કરવાની તા. ૨૮/૧/૧૩ થી તા. ૪/૨/૧૩ સુધી રાખવામાં આવેલ છે. ભરેલ ટેન્ડરો તા. ૮/૨/૨૦૧૩ સુધી રજી. પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. કવર 'ઈપીબીએક્ષ સીસ્ટમના વાર્ષિક કોન્ટ્રાક્ટના ભાવ' એવું અવશ્ય લખવું. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૧૧/૨/૨૦૧૨ના રોજ ૧૨ કલાકે હાજર રહેલ એજન્સી સમક્ષ રૂબરૂમાં ખોલવામાં આવશે.
જનરલ મેનેજર (પ્રોજેક્ટસ)
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોંયતળીયા, નિર્માણ ભવન, સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર
માહિતી/૨૦૯૮/૧૨-૧૩

## શબ્દાવલી - ૪૯૬૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | | ૪ |
| ૫ | | ■ | ■ | ૬ | | ■ | |
| ૭ | | | ■ | ૮ | | ૯ | ■ |
| ■ | | ■ | ૧૦ | | ■ | | ■ |
| ૧૧ | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ |
| ૧૫ | ૧૬ | ■ | | ■ | ૧૭ | | |
| ■ | | ■ | | ■ | | ■ | |
| ૧૮ | | ■ | | | ■ | ૨૦ | |

### આડી ચાવી

૧. ખોટીખરી ચડવણી કરવી તે (૪)
૩. કચ્છનું જાણીતું શહેર (૩)
૫. ભારો, એકદમ ગાઢુ (૨)
૬. વાગવું તે, ... થવું (૨)
૭. શરીરનું એક અંગ (૩)
૮. માયા, અટેચમેન્ટ, સ્નેહ (૩)
૧૦. અરજી, પ્રાર્થના (૨)
૧૨. મોજ, આનંદ (૨)
૧૩. ગમ્મત (૩)
૧૫. બીમાર વ્યક્તિને.... પીવડાવાય (૨)
૧૭. નાક વિનાનીને... કહેવાય (૩)
૧૮. પાતળો વાયર (૨)
૧૯. ખામી, ખોડ (૨)
૨૦. પાર્થને કહો ચડાવે બાણ હવે તો... એ જ કલ્યાણ (૨)

### ઊભી ચાવી

૧. માટલા જેવું એક ખાસ પ્રકારનું વાસણ (૩)
૨. ભરાવવું, ટીંગાડવું (૪)
૩. નિવેડો, અંત (૩)
૪. પ્રવાહી, શેરડીનો... (૨)
૬. હાજર થવું, ... થવું (૩)
૯. તાકવું-જોવું, ... કરવું (૪)
૧૦. જેનો કોઈ શત્રુ ના હોય તેવું (૫)
૧૧. સ્નેહ, જરીક (૨)
૧૩. ...વાચા-કર્મણા પ્રભુ ભક્તિ કરવી (૩)
૧૪. ધ્યેય પૂર્તિ માટે પૂર્ણ તૈયાર થવું, ... થવું (૪)
૧૬. ખરીદી વગેરે કરવા... જવું પડે (૩)

### શબ્દાવલી ૪૯૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) અદાવત (૪) તમા (૬) દાદા (૭) જાજરમાન (૧૦) લગીર (૧૧) લકી (૧૨) તરી (૧૪) બરાસ (૧૬) અલગ (૧૭) ખલ (૧૮) આસવ (૨૦) કાળીજીરી (૨૨) તલાશ (૨૩) રૂમાલ

**ઊભી ચાવી :-** (૧) અદાલત (૨) દાદાગીરી (૩) તજા (૪) તરકીબ (૫) મામા (૮) જલ (૯) નકસલવાદ (૧૩) તલ (૧૫) રાખ (૧૬) અવકાશ (૧૮) આફત (૧૯) ગરીમા (૨૧) જીરૂ

